# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


SGCCI

---

Ref no. PN 2026-27/12 Dt. 19/06/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર પ્રમુખ અશોક જીરાવાલાના નેતૃત્વ હેઠળ પ્રતિનિધિમંડળે સુરત એરપોર્ટની મુલાકાત લીધી

## મુલાકાત દરમિયાન એરપોર્ટના વિકાસ માટે થતી ટેન્ડરીંગ પ્રક્રિયાનો લાભ સ્થાનિક વેન્ડરોને મળે, જેથી સ્થાનિક ઉદ્યોગને પણ પ્રોત્સાહન મળે અને એરપોર્ટનું જે-તે કાર્ય પણ સમયસર થઇ શકે તેવું સૂચન કર્યું

સુરત: ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી અશોક જીરાવાલા, ઉપ પ્રમુખ શ્રી રવિ રાજ દેસાઈ, માનદ્ સેક્રેટરી શ્રી પરેશ લાઠિયા અને માનદ્ ખજાનચી શ્રી અતુલ પટેલની સાથે ચેમ્બરની એવિએશન/એરપોર્ટ કમિટીના એડવાઈઝર શ્રી મનોજ સિંગાપુરી, ચેરમેન શ્રી લિનેશ શાહ તેમજ ચેમ્બરના પ્રતિનિધિમંડળે સુરત એરપોર્ટની મુલાકાત લીધી હતી. આ સૌજન્ય મુલાકાત માટે સુરત એરપોર્ટના ડિરેક્ટર શ્રી એ.એન. શર્માએ ચેમ્બરના પ્રતિનિધિમંડળને આમંત્રિત કર્યું હતું. આ સમયે પ્રતિનિધિમંડળે સુરત એરપોર્ટનો અધિકારીઓ સાથે એરપોર્ટ બિલ્ડીંગ, ટર્મિનલ અને એર ટ્રાફિક કંટ્રોલરની મુલાકાત લીધી હતી.

આ મુલાકાત દરમિયાન ચેમ્બરના પ્રમુખશ્રીએ મેઇન ગેટથી એરપોર્ટ સુધી આવવામાં થતી મુસાફરોની સમસ્યાનું નિવારણ વહેલી તકે થાય તેવી આશા વ્યક્ત કરી હતી. તેમજ તેમણે એરપોર્ટના વિકાસ માટે થતી ટેન્ડરીંગ પ્રક્રિયાનો લાભ સ્થાનિક વેન્ડરોને મળે, જેથી સ્થાનિક ઉદ્યોગને પણ પ્રોત્સાહન મળે અને એરપોર્ટનું જે-તે કાર્ય પણ સમયસર થઇ શકે તેવું સૂચન કર્યું હતું.

વધુમાં તેમણે સુરત એરપોર્ટના વિકાસ, મુસાફરોને ઉપલબ્ધ સુવિધાઓ તેમજ ભવિષ્યમાં એર કનેક્ટિવિટી વધારવા અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી. ચેમ્બરના પ્રતિનિધિમંડળે સુરત એરપોર્ટના

આધુનિકીકરણ અને વિસ્તરણ માટે ચાલી રહેલા પ્રયાસોની પ્રશંસા કરી હતી. સુરત એરપોર્ટ અને ચેમ્બર એમ બંને પક્ષોએ ભવિષ્યમાં પરસ્પર સહયોગ દ્વારા સુરતને વધુ સશક્ત એર કનેક્ટિવિટી હબ તરીકે વિકસાવવા માટે સાથે મળીને કાર્ય કરવાની સહમતિ વ્યક્ત કરી હતી.